સત્યમેવ જયતે

| | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | : | ૦૩/૦૮/૨૦૨૨ | | |
| રજી. તારીખ | : | ૦૩/૦૮/૨૦૨૨ | | |
| ફેંસલ તારીખ | : | ૦૨/૦૪/૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | |

**આંક–**

*******************************************************

**મુન્દ્રા તાલુકાનાં પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને એડીશ્નલ ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં, મુકામ :મુન્દ્રા–કચ્છ.**

*******************************************************

**ફોજદારી કેસ નં.૧૩૩૦/૨૦૨૨**

**ફરિયાદી :–** **શ્રી સરકાર**

મુન્દ્રા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૨૦૫૦૩૨૨૧૦૦૯૩/૨૦૨૧, તા.૦૯/૦૨/૨૦૨૧.
મુળ ફરિયાદી : રાજકુમાર મગનભાઈ રાઠોડ, ઉ.વ.૨૫,ધંધો: ડ્રાઈવીંગ, રહેવાસી ગામ: મોટા આસંબીયા, તા. માંડવી–કચ્છ.

**વિરૂધ્ધ**

**આરોપી :–** **બિરેન્દ્રરાય ગોવિન્દરાય જાદવ,**
ઉ.વ.૪૪, ધંધો: મજુરી,
હાલે રહેવાસી : આશાપુરા એન્ટરપ્રાઈઝ શાંતીવન કોલોનીની બાજુમાં, મુન્દ્રા, મુળ રહે. નંદનકેતુકા, થાના: મકેડ, જી. છપરા બીહાર

**તહોમત : ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા ધી મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ.**

*******************************************

**ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી કે.એમ. પ્રજાપતિ.**
**આરોપી વિરૂધ્ધ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ મુજબ હુકમ થયેલ છે.**

*******************************************

## –:: ચુકાદો ::–

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૦૩/૦૨/૨૦૨૧ નાં રોજ કલાક ૨૧–૫૫ વાગ્યાનાં રેલ્વે ફાટક નં. ૨૫ થી પાવર પ્લાન્ટ જતા રોડ ઉપર, મુન્દ્રા, તા.મુન્દ્રા–કચ્છ મધ્યે આ કામના ફરિયાદીના કૌટુંબિક ભાઇ પ્રતિપાલ મોરારજી ચૌહાણ અને તેનો મિત્ર અમરદીપવન લહેરીવન ગૌસ્વામી બન્ને જણા મો.સા. નંબર : જી.જે–૧૨–ઇ.બી.–૭૪૧૩ વાળીથી અદાણી પોર્ટમાં નોકરીએ જતા હતા ત્યારે આગળ જતા ટ્રેલર નંબર: જીજે–૧૨–બી.ડબલ્યુ–૫૧૫૦ વાળીનાં ચાલકે પોતાના કબજાનું ટ્રેલર પુરઝડપે, બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી રોડ ઉપર ઓચીંતી બ્રક મારતા મો.સા. નંબર : જી.જે–૧૨–ઇ.બી.–૭૪૧૩ વાળાનું પાછળના ભાગેથી એકસીડન્ટ થતા જેમાં ઈજા પામનાર અમરદીપવન લહેરીવન ગૌસ્વામીને મોઢામાં ઝડબાના ભાગે ફ્રેકચર જેવી ગંભીર ઈજા થયેલ અને પ્રતિપાલ મોરારજી ચૌહાણને મોઢામાં તથા માથામાં અને પગના ભાગે ગંભીર ઈજાઓ કરી તેનું મોત નીપજાવી, નાશી જઇ ગુનો કરેલ હોય, આરોપી વિરૂધ્ધ ધોરણસર થવા ફરિયાદીએ હાલની ફરિયાદ મુંદરા પોલીસ સ્ટેશનમાં આપેલ.

(૨) મૂળ ફરિયાદીની ઉપરોકત ફરિયાદનાં આધારે મુન્દ્રા પોલીસ સ્ટેશનમાં મુન્દ્રા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૨૦૫૦૩૨ ૨૧૦૦૯૩/૨૦૨૧ થી આ કામનાં આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા ધી મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો નોંધવામાં આવેલ. ત્યારબાદ, આ કામનાં તપાસ કરનાર અધિકારીએ પોતાની તપાસ દરમિયાન લાગતા–વળગતા સાહેદોનાં નિવેદનો નોંધી, જરૂરી પંચનામાઓ કરી તેમજ ગુના કામે જરૂરી દસ્તાવેજો મેળવી તપાસનાં કામે સામેલ રાખી, આ કામનાં

આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવાઓ મળી આવતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ, જેને ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ, આ કામનાં આરોપી જામીન મુકત થયેલા છે. ત્યારબાદ, આ કામમાં ચાર્જશીટ રજુ થતા આરોપી સામેના ગુનાનું કોગ્નીઝન્સ લઇ, આરોપીને અવાર-નવાર સમન્સ વોરંટ કાઢવામાં આવેલ. પરંતુ આરોપી મળી આવેલ નહી. ત્યારબાદ, કેસનું રેકર્ડ જોતા કેસ વધુ જુનો હોઇ, કેસનાં ઝડપી નિકાલ અર્થે તા.૦૪/૦૨/૨૦૨૫ નાં રોજ આંક-૧ લગત ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૯૯ હેઠળ હુકમ કરી, હાલનો કેસ આરોપીની ગેરહાજરીમાં આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

(૪) ત્યારબાદ, ફરિયાદપક્ષે આ કામે નીચે જણાવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**-:: મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ::-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | મુળ ફરિયાદી રાજકુમાર મગનલાલ રાઠોડની જુબાની. | ૦૪ |
| ૨ | ફરિયાદ. | ૦૫ |
| ૩ | સાહેદ ભાવિક નવીનગીરી ગોસ્વામીની જુબાની. | ૦૬ |
| ૪ | સાહેદ નિશાંત કાનજીભાઇ રાજપુતની જુબાની. | ૦૭ |
| ૫ | સાહેદ અમરદીપવન લહેરીવન ગોસ્વામીની જુબાની. | ૦૮ |
| ૬ | પંચ સાહેદ મહાવીરસિંહ દેવીસિંહ જાડેજાની જુબાની. | ૧૩ |
| ૭ | બનાવવાળી જગ્યાનું પંચનામુ. | ૧૪ |
| ૮ | પંચ સાહેદ રવિભાઇ વેલજી રાઠોડની જુબાની. | ૧૬ |
| ૯ | મરણજનારની લાશનું ઇન્કવેસ્ટ પંચનામુ. | ૧૭ |
| ૧૦ | પોલીસ સાહેદ પી.એસ.ઓ. માણેકભાઇ રાજીયાભાઇ ગઢવીની જુબાની. | ૧૯ |
| ૧૧ | પોસ્ટ મોર્ટમ રીપોર્ટ. | ૨૦ |
| ૧૨ | સારવાર સર્ટીફીકેટો. | ૨૧-૨૨ |

(૫) ત્યારબાદ, આ કામે ઉપરોકત મુજબનો પુરાવો રજુ થયેલ છે

ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી તરફે પુરાવો પુર્ણ થયાની મૌખિક રજુઆત કરેલ છે. ત્યારબાદ, આરોપીના ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબ વધારાના નિવેદનના તબ્બકે, આ કામના આરોપી વિરૂધ્ધ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધવામાં આવેલ હોય, હાલના તબ્બકે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

ત્યારબાદ, ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત પુરાવાનાં આધારે હાલનાં કેસનાં આખરી ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૦૩/૦૨/૨૦૨૧ નાં રોજ કલાક ૨૧–૫૫ વાગ્યાનાં રેલ્વે ફાટક નં. ૨૫ થી પાવર પ્લાન્ટ જતા રોડ ઉપર, મુન્દ્રા, તા.મુન્દ્રા–કચ્છ મધ્યે આ કામના ફરિયાદીના કૌટુંબિક ભાઇ પ્રતિપાલ મોરારજી ચૌહાણ અને તેનો મિત્ર અમરદીપવન લહેરીવન ગૌસ્વામી બન્ને જણા મો.સા. નંબર : જી.જે–૧૨–ઇ.બી.–૭૪૧૩ વાળીથી અદાણી પોર્ટમાં નોકરીએ જતા હતા ત્યારે આગળ જતા ટ્રેલર નંબર: જીજે–૧૨–બી.ડબલ્યુ–૫૧૫૦ વાળીનાં ચાલકે પોતાના કબજાનું ટ્રેલર પુરઝડપે, બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી રોડ ઉપર ઓચીંતી બ્રક મારતા મો.સા. નંબર : જી.જે–૧૨–ઇ.બી.–૭૪૧૩ વાળાનું પાછળના ભાગેથી એકસીડન્ટ થતા જેમાં ઇજા પામનાર અમરદીપવન લહેરીવન ગૌસ્વામીને મોઢામાં ઝડબાના ભાગે ફ્રેકચર જેવી ગંભીર ઇજા થયેલ અને પ્રતિપાલ મોરારજી ચૌહાણને મોઢામાં તથા માથામાં અને પગના ભાગે ગંભીર ઇજાઓ કરી

તેનું મોત નીપજાવી, નાશી જઇ, ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા ધી મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા અંગેનાં મારા નિર્ણયો નીચે મુજબ છે અને તે માટેનાં કારણોની ચર્ચા ત્યારપછી કરવામાં આવેલ છે.

(૧) 'નકાર' માં.

(૨) આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

(૮) આ કામે, ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે સૌપ્રથમ આંક–૪ થી મુળ ફરિયાદી રાજકુમાર મગનલાલ રાઠોડ ની સોગંદ પરની જુબાની લેવામાં આવેલ છે, જેમાં મુળ ફરિયાદી એવી હકીકત જણાવે છે કે, તેઓ આ કામે અકસ્માતમાં ઈજા પામનાર અમરદીપવન તથા મરણજનાર પ્રતિપાલને ઓળખે છે. તેમની સાથેનો અકસ્માત ચાર પાંચ વર્ષ અગાઉ અદાણી પ્લાન્ટ સામે રાત્રીના સમયે થયેલ. તેમને ગામમાંથી ફોન આવેલ અને કહેલ કે, અમરદીપવન અને પ્રતિપાલનો અકસ્માત થયેલ છે અને તેઓને સારવાર માટે હોસ્પીટલમાં લાવેલ છે તેથી તેઓ તુરંત દવાખાને ગયેલ અને ત્યાં જોયુ તો બન્ને ઇ.પા. ની સારવાર ચાલુમાં હતી. અમરદીપવનને મોઢાના ભાગે તથા હાથ અને પગના ભાગે ઈજાઓ થયેલી હતી અને પ્રતિપાલને માથાના ભાગે ગંભીર ઈજાઓ થયેલ હોય સારવાર આપી વધુ સારવાર માટે ભુજ લઈ જવાનું જણાવતા ભુજ લેવા પટેલ હોસ્પીટલમાં લઈ ગયેલા અને સારવાર દરમિયાન તેઓ મરણ ગયેલ. આ દરમિયાન અમરદીપવનને પણ વધુ સારવાર માટે ભુજ લેવા પટેલ હોસ્પીટલમાં લાવેલા. બનાવ બાબતે અમરદીપવનને પુછતા તેઓએ જણાવેલ કે, પ્રતિપાલ સાથે તેઓ મો.સા. થી જતા હતા ત્યારે એક ટ્રક ચાલકે અકસ્માત કરેલ. ટ્રકના નંબર તેમને હાલે યાદ નથી. પ્રતિપાલની

લાશને જી.કે. જનરલ હોસ્પીટલમાં પી.એમ. કરવા લઇ ગયેલ અને પી.એમ. કરી પરત આપેલી. સારવારમાં રોકાયેલ હોય ફરિયાદ મોડી આપેલ. તેમને આજરોજ ફરિયાદ બતાવતાં જેમાં પોતાની સહી છે જે તેઓ ઓળખે છે જે રજુ દાખલ આંક–૫ આપેલ છે. બચાવપક્ષે ઉલટ તપાસનાં તબ્બકે, આરોપી તરફે સી.આર.પી.સી. ૨૯૯ નો હુકમ થયેલ હોય હાલ પુરતી ઉલટ તપાસ નથી.

(૯) ત્યારબાદ, ફરિયાદપક્ષે આંક–૬ થી સાહેદ ભાવિક નવીનગીરી ગોસ્વામી નાઓની સોગંદ પરની જુબાની લેવામાં આવેલ છે, જેમાં સાહેદે એવી હકીકત જણાવે છે કે, તેઓ આ કામે અકસ્માતમાં ઈજા પામનાર અમરદીપવન તથા મરણજનાર પ્રતિપાલને ઓળખે છે. તેમની સાથેનો અકસ્માત ચાર પાંચ વર્ષ અગાઉ અદાણી પ્લાન્ટ સામે રાત્રીના સમયે થયેલ. તેમને અમરદીપવનનો ફોન આવેલ અને કહેલ કે, મારો તથા પ્રતિપાલનો અકસ્માત થયેલ છે અને અમોને સારવાર માટે હોસ્પીટલમાં લાવેલ છે તેથી તેઓ તુરંત દવાખાને ગયેલ અને ત્યાં જોયુ તો બન્ને ઈ.પા. ની સારવાર ચાલુમાં હતી. અમરદીપવનને મોઢાના ભાગે તથા હાથ અને પગના ભાગે ઈજાઓ થયેલી હતી અને પ્રતિપાલને માથાના ભાગે ગંભીર ઈજાઓ થયેલ હોય સારવાર આપી વધુ સારવાર માટે ભુજ લઈ જવાનું જણાવતા ભુજ લેવા પટેલ હોસ્પીટલમાં લઈ ગયેલા અને સારવાર દરમિયાન તેઓ મરણ ગયેલ. આ દરમિયાન અમરદીપવનને પણ વધુ સારવાર માટે ભુજ લેવા પટેલ હોસ્પીટલમાં લાવેલા. બનાવ બાબતે અમરદીપવનને પુછતા તેઓએ જણાવેલ કે, પ્રતિપાલ સાથે તેઓ મો.સા. થી જતા હતા ત્યારે એક ટ્રક ચાલકે અકસ્માત કરેલ. ટ્રકના નંબર તેમને હાલે યાદ નથી. પ્રતિપાલની લાશને જી.કે. જનરલ હોસ્પીટલમાં પી.એમ. કરવા લઇ ગયેલ અને પી.એમ. કરી પરત આપેલી. પોલીસે તેમની પુછપરછ કરેલ. બચાવપક્ષે ઉલટ તપાસનાં તબ્બકે, આરોપી તરફે સી.આર.પી.સી. ૨૯૯ નો હુકમ થયેલ હોય હાલ પુરતી ઉલટ તપાસ નથી.

(૧૦) ત્યારબાદ, ફરિયાદપક્ષે આંક–૭ થી સાહેદ નિશાંત

કાનજીભાઈ રાજપૂત નાઓની સોગંદ પરની જુબાની લેવામાં આવેલ છે, જેમાં સાહેદે એવી હકીકત જણાવે છે કે, તેઓ આ કામે અકસ્માતમાં ઈજા પામનાર અમરદીપવન તથા મરણજનાર પ્રતિપાલને ઓળખે છે. તેમની સાથેનો અકસ્માત ચાર પાંચ વર્ષ અગાઉ અદાણી પ્લાન્ટ સામે રાત્રીના સમયે થયેલ. તેમને રાજકુમારનો ફોન આવેલ અને કહેલ કે, અમરદીપવન તથા પ્રતિપાલનો અકસ્માત થયેલ છે અને તેઓને સારવાર માટે હોસ્પીટલમાં લાવેલ છે તેથી તેઓ તુરંત દવાખાને ગયેલ અને ત્યાં જોયુ તો બન્ને ઈ.પા. ની સારવાર ચાલુમાં હતી. અમરદીપવનને મોઢાના ભાગે તથા હાથ અને પગના ભાગે ઈજાઓ થયેલી હતી અને પ્રતિપાલને માથાના ભાગે ગંભીર ઈજાઓ થયેલ હોય સારવાર આપી વધુ સારવાર માટે ભુજ લઈ જવાનું જણાવતા ભુજ લેવા પટેલ હોસ્પીટલમાં લઈ ગયેલા અને સારવાર દરમિયાન તેઓ મરણ ગયેલ. આ દરમિયાન અમરદીપવનને પણ વધુ સારવાર માટે ભુજ લેવા પટેલ હોસ્પીટલમાં લાવેલા. બનાવ બાબતે અમરદીપવનને પુછતા તેઓએ જણાવેલ કે, પ્રતિપાલ સાથે તેઓ મો.સા. થી જતા હતા ત્યારે એક ટ્રક ચાલકે અકસ્માત કરેલ. ટ્રકના નંબર તેમને હાલે યાદ નથી. પ્રતિપાલની લાશને જી.કે. જનરલ હોસ્પીટલમાં પી.એમ. કરવા લઈ ગયેલ અને પી.એમ. કરી પરત આપેલી. પોલીસે તેમની પુછપરછ કરેલ. બચાવપક્ષે ઉલટ તપાસનાં તબ્બકે, આરોપી તરફે સી.આર.પી.સી. ૨૯૯ નો હુકમ થયેલ હોય હાલ પુરતી ઉલટ તપાસ નથી.

(૧૧) ત્યારબાદ, ફરિયાદપક્ષે આંક–૮ થી સાહેદ અમરદીપવન લહેરીવન ગોસ્વામી નાઓ કે જેઓ ઈજા પામનાર અને ભોગ બનનાર અને બનાવને નજરે જોનાર સાહેદ છે. તેઓની સોગંદ પરની જુબાની લેવામાં આવેલ છે, જેમાં સાહેદે એવી હકીકત જણાવે છે કે, તેમનો વાહન અકસ્માત તા. ૦૩/૦૨/૨૦૨૧ ના રોજ પાવર પ્લાન્ટ રોડ પર રાત્રે સાડા આઠ નવ વાગ્યાની આસપાસ બનેલો. બનાવની વખતે તેઓ અને પ્રતિપાલ મો.સા. લઈને જતા હતા અને મો.સા. પ્રતિપાલ ચલાવતા હતા તે વખતે એક ટ્રકે તેમના મો.સા. ને ટકકર મારતા તેઓ પડી ગયેલા અને તેઓને ઈજાઓ

થયેલી. જેથી નજીકમાંથી કંપનીમાં નોકરી કરતા અન્ય માણસો ભેગા થઇ ગયેલા અને તેમણે અમોને સારવાર માટે અદાણી હોસ્પીટલ લઇ ગયેલા જયા સારવાર આપી વધુ સારવાર માટે લેઉઆ પટેલ હોસ્પીટલમાં લઇ ગયેલ જયાં સારવારમાં  પ્રતિપાલ મરણ ગયેલ અને તેમની સારવાર ચાલુ હતી. તેમને જડબાના ભાગે ઈજાઓ થયેલી. અકસ્માત કરનાર ટ્રકના નંબર શું હતા તે તેમને ખબર નથી અને ચાલકની પણ તેમને ખબર નથી. પોલીસે તેમની પુછપરછ કરેલ. બચાવપક્ષે ઉલટ તપાસનાં તબ્બકે, આરોપી તરફે સી.આર.પી.સી. ૨૯૯ નો હુકમ થયેલ હોય હાલ પુરતી ઉલટ તપાસ નથી.

(૧૨) ત્યારબાદ, ફરિયાદપક્ષે આંક–૧૩ થી બનાવવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદ મહાવીરસિંહ દેવીસિંહ જાડેજાનો તથા આંક–૧૫ થી પંચ સાહેદ મિલનભાઈ ભરતભાઈ રાજપુત નાઓનો મૌખિક પુરાવો રજુ કરેલ છે અને તેઓનાં મૌખિક પુરાવામાં ફરિયાદપક્ષે આંક–૧૪ થી બનાવવાળી જગ્યાના પંચનામાનાની નકલ રજુ કરેલ છે. જે સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, સદર સાહેદે પંચનામાનાં કથનો મુજબ પુરાવો નહી રજુ કરતા, વિ.એ.પી.પી.શ્રીએ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી, ઉલટ–તપાસ લીધેલ છે, પરંતુ, ઉલટ–તપાસમાં પણ સદર સાહેદે ફરિયાદપક્ષનાં કેસને સમર્થન કરેલ નથી અને તેઓ માત્ર પોતાની સહી સીવાય બીજું કાંઇ જાણતા નહી હોવાની હકીકત જણાવે છે. બચાવપક્ષે ઉલટ તપાસનાં તબ્બકે, આરોપી તરફે સી.આર.પી.સી. ૨૯૯ નો હુકમ થયેલ હોય હાલ પુરતી ઉલટ તપાસ નથી.

(૧૩) ત્યારબાદ, ફરિયાદપક્ષે આંક–૧૬ થી મરણજનારનું ઈન્કવેસ્ટ પંચનામાના પંચસાહેદ રવિભાઈ વેલજીભાઈ રાઠોડ નાઓનો મૌખિક પુરાવો રજુ કરેલ છે અને તેઓનાં મૌખિક પુરાવામાં ફરિયાદપક્ષે આંક–૧૭ થી મરણજનારનું ઈન્કવેસ્ટ  પંચનામાની નકલ રજુ કરેલ છે. જે સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, સદર સાહેદે પંચનામાનાં કથનો મુજબ પુરાવો નહી રજુ કરતા, વિ.એ.પી.પી.શ્રીએ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી, ઉલટ–તપાસ લીધેલ છે, પરંતુ, ઉલટ–તપાસમાં પણ સદર સાહેદે ફરિયાદપક્ષનાં કેસને

સમર્થન કરેલ નથી અને તેઓ માત્ર પોતાની સહી સીવાય બીજું કાંઇ જાણતા નહી હોવાની હકીકત જણાવે છે. બચાવપક્ષે ઉલટ તપાસનાં તબ્બકે, આરોપી તરફે સી.આર.પી.સી. ૨૯૯ નો હુકમ થયેલ હોય હાલ પુરતી ઉલટ તપાસ નથી.

(૧૪) ત્યારબાદ, ફરિયાદપક્ષે આંક–૧૯ થી પોલીસ સાહેદ ત.ક.અ. માણેકભાઇ રાજીયાભાઇ ગઢવી નાઓનો સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, તા. ૦૯/૦૨/૨૦૨૧ ના તેઓ મુન્દ્રા પો.સ્ટે. માં પોતાની ફરજ પર હતા તે દરમિયાન પો.હે.કો. મુકેશભાઇ ભાડકાએ પોતાના રૂબરૂ લીધેલ અકસ્માતના ગુનાની ફરિયાદ તેઓને ગુનો રજી. કરવા સોંપતા, તેઓએ સદરહુ ફરિયાદ મુન્દ્રા પો.સ્ટે. ગુ.રજી. નં. ૦૦૯૩/૨૦૨૧ થી ઈ.પી.કો. કલમ ૩૦૪(અ) વગેરે મુજબથી દાખલ કરી, આગળની તપાસ પો.સ.ઈ. ટી.એચ. પટેલને સોંપેલી. તેઓ મરણ ગયેલ છે અને તેમની સાથે તેઓએ નોકરી કરેલ હોય તેમની સહીઓ તેઓ ઓળખે છે. રેકર્ડ જોઇ તેઓ જણાવે છે કે, તેઓએ સાહેદોના નિવેદનો લીધેલા. પી.એમ. નોટ મેળવેલી, ઈજા પામનારનું સારવાર સર્ટીફીકેટ મેળવેલુ. ટ્રેલર નંબરના આધારે તપાસ કરતા, બનાવ સમયે અકસ્માત કરનાર વાહન વિરેન્દ્રરાય ગોવિંદરાય ચલાવતા હોવાનું ખુલતા, તેઓને પો.સ્ટે. બોલાવેલ અને તેઓની પુછપરછ કરી વાહનના સાધનીક કાગળો મેળવી અને જામીન મુકત કરેલ. તેમજ બનાવવાળી જગ્યાનું પંચનામું મુકેશભાઇ ભાડકાએ કરેલ તેની નકલ મેળવેલી તથા ઈન્કવેસ્ટ પંચનામુ ભુજ બી ડીવીઝનના પોલીસ કર્મચારી ધ્વારા કરવામાં આવેલ જેની નકલ મેળવેલી. તેમને આંક–૧૪ અને આંક–૧૭ બતાવતા જેમાં પંચોની તથા પોલીસ કર્મચારીઓની સહી છે અને ખરી નકલ કરનાર તરીકે પો.સ.ઈ. ટી.એચ. પટેલની સહી છે જે તેઓ ઓળખે છે. પી.એમ. નોટ બતાવતા જેમાં ખરી નકલ કરનાર તરીકે ટી.એચ. પટેલની સહી છે જે તેઓ ઓળખે છે જે રજુ દાખલ આંક–૨૦ આપેલ છે. સારવાર સર્ટીફીકેટ બતાવતા જે રજુ દાખલ આંક–૨૧ અને આંક–૨૨ આપેલ છે. તપાસના અંતે તેઓએ પુરતા પુરાવા આધારે નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલાનું જણાવેલ છે.

બચાવપક્ષે ઉલટ તપાસનાં તબ્બકે, આરોપી તરફે સી.આર.પી.સી. ૨૯૯ નો હુકમ થયેલ હોય હાલ પુરતી ઉલટ તપાસ નથી.

(૧૫) આમ, ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ ફરિયાદ, બનાવવાળી જગ્યાનું પંચનામું, ઈન્કવેસ્ટ પંચનામુ, મરણજનારનું પી.એમ. નોટ તેમજ અન્ય દસ્તાવેજી પુરાવા અને સાહેદોની જુબાની ધ્યાને લીધી. આ કામે સાહેદોની મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું સમગ્રપણે મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ફરિયાદીનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આ કામે ફરિયાદીએ ફરિયાદ મુજબની હકીકતે સમર્થનકારી પુરાવો આપેલ છે અને અકસ્માતમાં ઈજા પામનાર અમરદીપવન તથા મરણ જનાર પ્રતિપાલને તેઓ ઓળખતા હોવાનું અને તેમની સાથેનો અકસ્માતનો બનાવ બનેલાનું અને અકસ્માતના બનાવમાં અમરદીપવનને ગંભીર ઈજાઓ થયેલાનું અને તેની સારવાર લીધેલાનું તથા પ્રતિપાલને ગંભીર ઈજાઓ થવાથી સારવાર દરમિયાન મરણ થયેલાનું તથા ટ્રકના નંબર તેમને હાલે યાદ નથી તેવુ જણાવેલ છે. પરંતુ સદર ફરિયાદીના પુરાવામાંથી અકસ્માત કરનાર ટ્રકના નંબર જણાવેલ નથી કે ટ્રકના ચાલકનું નામ, વર્ણન જણાવેલ નથી કે તેને ઓળખી પણ બતાવેલ નથી. આ કામે તપાસેલા સાહેદોએ પણ અકસ્માત થયેલાની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ છે. સદર સાહેદો બનાવ સમયે અકસ્માતવાળા સ્થળે હાજર ન હતા કે અકસ્માતનો બનાવ નજરે જોયેલ નથી. સદર સાહેદને બનાવની જાણ થયેલી છે અને અકસ્માત અંગે જાણેલુ છે. સદર સાહેદોના પુરાવામાંથી પણ અકસ્માત કરનાર વાહનના નંબર જણાવેલ નથી કે સંડોવાયેલ વાહનના ચાલકનું નામ, વર્ણન જણાવેલ નથી કે તેને ઓળખી પણ બતાવેલ નથી. આ કામે તપાસેલા સાહેદો પૈકી સાહેદ અમરદીપવન લહેરીવન ગોસ્વામી કે જેઓ અકસ્માતને નજરે જોનાર અને અકસ્માત સમયે સ્થળ પર હાજર હોવાનું અને અકસ્માત સમયે તેઓ મો.સા. માં જતા હોવાનું અને મો.સા. પ્રતિપાલ ચલાવતા હોવાનું જણાવેલ છે અને અકસ્માત થયેલાની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ છે. સદર અકસ્માતના બનાવમાં તેમને ગંભીર ઈજાઓ થયેલાની અને સારવાર

લીધેલાની તથા પ્રતિપાલને ગંભીર ઈજાઓ થયેલાનું અને સારવાર દરમિયાન તેનું મરણ થયેલાનું જણાવેલ છે. અકસ્માત કરનાર ટ્રકનો નંબર શું હતો તે તેમને ખબર નથી અને ચાલકની પણ તેમને ખબર નથી તેમ પણ જણાવેલ છે. આમ, ફરિયાદી કે કોઈપણ સાહેદોએ હાલના આરોપી જ બનાવ સમયે અકસ્માત કરનાર વાહનના ચાલક હતા તેવી હકીકત જણાવેલ નથી કે કોઈપણ સાહેદોએ હાલના આરોપીને ઓળખી પણ બતાવેલ નથી કે કોઈપણ સાહેદે અકસ્માતવાળા વાહનના નંબર જણાવેલ નથી. આમ, આ કામે ફરિયાદી અને તમામ સાહેદોની જુબાનીઓને ધ્યાને લેવામાં આવે તો કોઈપણ સાહેદે બનાવ વખતે હાલના આરોપી પુરઝડપે અને ગફલત અને બેદરકારીથી વાહન ચલાવતા હોવાના કારણે હાલનો અકસ્માત થયેલ હોય તેવી ફરિયાદની હકીકતને સમર્થન આપેલ નથી. આમ, મહત્વના સાહેદોએ અકસ્માતના બનાવને સમર્થન આપેલ છે પરંતુ તે પૈકી કોઈપણ સાહેદે હાલના આરોપીને કોર્ટ રૂબરૂ અકસ્માતવાળા વાહનના ચાલક તરીકે ઓળખી બતાવેલ નથી. વધુમાં, ફરિયાદી અને સાહેદોએ હાલના આરોપી અકસ્માતમાં સંડોવાયેલ વાહનના ચાલક હતા તેવી કોઈ હકીકત જણાવેલ નથી. વધુમાં, આ કામે બનાવવાળી જગ્યાના પંચ સાહેદોએ તથા મરણજનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદે પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી અને ફકત સહી સીવાય પંચનામાની અન્ય હકીકતો જાણતા નહી હોવાનું જણાવેલ છે જેથી ફરિયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે. જેથી સદર પંચ સાહેદના પુરાવાના આધારે બનાવવાળી જગ્યાનું પંચનામુ તથા ઈન્કવેસ્ટ પંચનામાની હકીકત પુરવાર થયેલ માની શકાય નહી. વધુમાં, આ કામે ડોકટર સાહેદનો પુરાવો રેકર્ડ પર આવેલ નથી. વધુમાં, આ કામે પોલીસ સાહેદ તપાસ કરનાર અધિકારીનું મરણ થયેલ હોય તેમનો પુરાવો રેકર્ડ પર આપેલ નથી. સદર કામે તપાસેલ પોલીસ સાહેદે તેઓએ કરેલ ફરજના ભાગરૂપેની કાર્યવાહીની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ છે. પરંતુ, સદર પોલીસ સાહેદના પુરાવાના આધારે હાલના કામના આરોપીની સદર ગુના કામે સંડોવણી હોવાનું નિ:શંકપણે નીકળી આવેલ નથી. આ કામે આરોપીની ઓળખ પરેડ થયેલાનું જણાઈ આવેલ નથી. આમ, આ કામે

રજુ થયેલ પુરાવા પરથી એ હકીકત નિર્વીવાદ છે કે, આ કામે અકસ્માતનો બનાવ બનેલ છે અને તેમાં મો.સા. ના ચાલક પ્રતિપાલનું ગંભીર ઈજાઓને કારણે દવાખાનામાં સારવાર દરમિયાન મરણ થયેલ તે હકીકત બિનતકરારી છે. આ કામે અકસ્માતમાં મરણ ગયેલાનું પોસ્ટ મોર્ટમ રીપોર્ટથી ઈજા પામનારનું મરણ થયેલ હોવાનું ફલીત થાય છે પરંતુ, બનાવ વખતે હાલના આરોપી જ અકસ્માતવાળા વાહનના ચાલક હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોઇ, ફરિયાદી તથા ઈજા પામનાર સાહેદ તથા અન્ય સાહેદોની જુબાની ઉપરથી પણ હાલના આરોપીની બેદરકારી, પુરઝડપ અને ગફલતના કારણે અકસ્માત થયેલ હોવાની હકીકત પ્રસ્થાપિત થતી નથી. એ હકીકત છે કે, ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો જોઇએ અને આ કામે રજુ થયેલ પુરાવા ઉપરથી ફરિયાદપક્ષ હાલના આરોપીની સદર અકસ્માતના બનાવમાં કોઈ સંડોવણી હોવાની હકીકત રેકર્ડ પર લાવવામાં નિષ્ફળ ગયેલ હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે. ત્યારે, મારા મતે આ કામનાં આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવા જોઇએ. આ કામે આરોપી જયારે મળી આવતા ન હોય ત્યારે ફરિયાદપક્ષેનો પુરાવો નાશ ન પામે તે હેતુથી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૯૯ હેઠળ આરોપીની ગેરહાજરીમાં ફરિયાદપક્ષનાં સાહેદોનો પુરાવો સાચવી રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે અને ત્યારબાદ, આરોપી મળી આવે ત્યારે તેઓને બચાવની પુરતી તક આપી ત્યારબાદ કેસનો આખરી ન્યાય નિર્ણય કરવાનો રહે છે. પરંતુ, હાલનાં કેસમાં ફરિયાદપક્ષનો પુરાવો જોતાં, સદર પુરાવામાંથી ગુનામાં આરોપીની સંડોવણી નીકળી આવતી નથી ત્યારે માત્ર આરોપીની ગેરહાજરીને લીધે સદર પુરાવો રાખી મુકવો અને હાલનો કેસ કે જે ૪ વર્ષથી વધુ જુનો છે તે પેન્ડીંગ રાખવો ન્યાયોચીત જણાતુ નથી. વધુમાં, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૩૫૩(૬) ની જોગવાઈ ધ્યાને લેતાં, આરોપીની ગેરહાજરીમાં પણ ચુકાદો જાહેર કરી શકાય છે. આમ, આ કામેના આરોપીએ ફરિયાદીની ફરિયાદ મુજબનો અકસ્માતનો બનાવ બનેલ હોવાનું તમામ વ્યાજબી શંકાથી પર રીતે પુરવાર થતું ન હોઈ, આ કામે ગુનાને આરોપી સાથે જોડવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોઈ, મારા મતે, આરોપીત ગુનાનાં કામે

આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવા જોઇએ. આમ, આરોપી ઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા ધી મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાના તત્વો સંતોષાય તેવો અને તેટલો પુરાવો ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ ન હોઈ, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ સંબંધે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) આ કામનાં આરોપી **બિરેન્દ્રરાય ગોવિન્દરાય જાદવ,** ઉ.વ.૪૪, ધંધો: મજુરી, હાલે રહેવાસી: આશાપુરા એન્ટરપ્રાઇઝ શાંતીવન કોલોનીની બાજુમાં, મુન્દ્રા, મુળ રહે. નંદનકેતુકા, થાના: મકેડ, જી. છપરા બીહાર નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૨૫૫(૧) હેઠળ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા ધી મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાનાં કામે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ ચુકાદો આજરોજ તારીખ બીજી, માહે: એપ્રીલ, સને–બે હજાર છવ્વીસનાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

સહી/–
**(હિતેષ જયંતિલાલ તન્ના)**
અધિક ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટ,
મુન્દ્રા–કચ્છ.
જજ કોડ: જી.જે.૦૦૯૫૫.

સ્થળ : મુન્દ્રા–કચ્છ.
તારીખ: ૦૨/૦૪/૨૦૨૬.

(હરેશ પરમાર, ગુજ.સ્ટેનો.)